# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી ભાવપૂર્ણ ઉજવણી



ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી ભાવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૬થી ૧૦ના વિદ્યાર્થીઓએ વક્તવ્ય, નાટક, ગીત, શ્લોક ગાન દ્વારા ગુરુવંદના પ્રસ્તુત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ આચાર્ય પ્રવીણાબેન અને સુપરવાઈઝર દિપ્તીબેનના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયાસર અને પ્રમુખ વૈષ્ણવસરે આ પ્રસંગે ઉપસ્થિત રહી સૌ વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવ્યાં હતાં.





વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત શૈક્ષણિક સંસ્થા એસએસવી કેમ્પસ, સૅક્ટર-૩ ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી અનન્ય ભાવ અને ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુઓ પ્રતિ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા સુંદર કાર્ડ્સ તૈયાર કર્યાં હતાં, જે તેમણે ગુરુઓને ભેટ ધર્યાં હતાં. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે નાટક, ડાન્સ, વક્તવ્ય અને ગીતથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ પણ કરી હતી. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવવામાં આવ્યાં હતાં.

# રંગોલી સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની રંગારંગ ઉજવણી






વિદ્યાર્થીઓને મૂલ્ય આધારીત શિક્ષણ આપવા પ્રતિબદ્ધ શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગુરુ શિષ્ય પરંપરાના પવિત્ર તહેવાર ગુરુપૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે એક સ્પેશિયલ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો દ્વારા ગુરુ શિષ્ય પરંપરાને ઉજાગર કરતા નાટ્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બાળકોએ ગુરુપૂર્ણિમા વિષય પર કાર્ડ મેકિંગ એક્ટિવિટીમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોને ગુરુપૂર્ણિમાના મહત્ત્વ વિશે સમજણ આપવામાં આવી હતી અને બાળકો દ્વારા ગુરુપૂજન પણ કરવામાં આવ્યું હતું. આચાર્ય અનામિકા અંજારીયાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

# સ્કૂલ ઑફ અચીવર દ્વારા ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી











સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે પ્રિતવર્ષની જેમ આ વર્ષે પણ ગુરુપૂર્ણિમાની ઉજવણી ગુરુવંદના સાથે કરવામાં આવી હતી. પ્રારંભમાં શ્લોકગાન સહિત ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં તમામ શિક્ષકોનું વિદ્યાર્થીઓએ પૂજન કર્યું હતું. ધોરણ-૧થી ૩ના વિદ્યાર્થીઓએ વેશભૂષા, ધોરણ-૪ના વિદ્યાર્થીઓએ ગુરુગરિમા દર્શાવતાં ગીતો અને ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓએ ગુરુસન્માન અભિવ્યક્ત કરતા ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમમાં સ્પર્ધાનું તત્ત્વ પણ ઉમેરવામાં આવ્યું હતું. અંત ભાગમાં ઉપાચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવવામાં આવ્યાં હતાં.

## જન્મદિને વધામણી



**સી ડી ધનેશ્વર**

ફોન : ૨૩૨ ૨૫૩૫૭

મો. ૯૪૨૯૦ ૬૩૯૧૮



**તીર્થ અલ્પેશકુમાર શ્રીમાળી**

મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮

## એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં હાર્ટફુલનેસનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલના સ્ટાફ પરિવારના સભ્યો માટે હાર્ટફુલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા બે દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષકોને રિલેક્સેશન તથા મેડિટેશન દ્વારા આંતરિક જાગૃતિનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્તીઓ સાથે પ્રેમ, કરુણા, દયા, સહાયતા, પ્રકૃતિ સાથે સંવાદિતા તથા આધ્યાત્મિકતા જેવા નૈતિક મૂલ્યો સહ હાર્ટફુલ શિક્ષક બનવાની પ્રેરણા આપવામાં આવી હતી.

# અલ્મા મેટર પ્રિસ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



અલ્મા મેટર પ્રિસ્કૂલ દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ કુમકુમ તિલકના માધ્યમથી ગુરુવંદના કરી હતી.

## આર સી પટેલ સ્કૂલમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર સી પટેલ શાળામાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી મોટાપાયે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ગુરુના મહત્ત્વ વિશે જણાવવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓએ ગુરુ પ્રતિ સાદર વંદના વ્યક્ત કરી હતી.

## કે કે પટેલ વિદ્યાલય ખાતે ગૌરીવ્રતની ઉજવણી કરાઈ



શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ગૌરી વ્રતની ઉજવણી નિમિત્તે શાળા પરિવાર વતી શાળાની તમામ દીકરીઓને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો તથા તેમના માટે ગરબા કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# સરસ્વતી વિદ્યાલય ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૮

સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ દ્વારા ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા વક્તવ્ય, ભજન અને નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

માધ્યમિક વિભાગ તરફથી અમિત ઠાકોર, યશ વાઘેલા અને પ્રાથમિક વિભાગ તરફથી મોહિત પરમાર અને હેતાંશી સોલંકીએ પર્વ વક્તવ્યો આપ્યાં હતાં. ધોરણ-૭ની વિદ્યાર્થિનીઓએ ભજનની રજૂઆત કરી હતી. આચાર્ય ગોપાલસિંહ સોલંકી તથા પ્રાથમિક વિભાગના આચાર્ય મધુબેન લેઉવાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. શિક્ષક મફતભાઈ અને પારૂલબેન દ્વારા કાર્યક્રમનું આયોજન, સંચાલન કરવામાં આવ્યું હતું.

# વિદ્યાર્થીઓ દ્વારા સાઈકલ અવેરનેસ ડ્રાઈવ




સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટિકલ સાયન્સીઝ, ધણપ દ્વારા રિવર ફ્રન્ટ, અમદાવાદ ખાતે સાયકલ અવેરનેસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શહેરીજનોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂકતા આવે અને તેઓ સાઈકલનો ઉપયોગ પોતાના રોજિંદા જીવનમાં કરતા થાય એ માટે આ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આચાર્ય, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ આ ડ્રાઈવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર વિધાનસભાની મુલાકાતે



સહજાનંદ સ્કૂલ ઑફ એચીવર, ચિલોડા દ્વારા ગુજરાત વિધાનસભાની મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બાળકોને મુલાકાત આપી હતી અને તેમની સાતે સમૂહ તસવીર પણ ક્લિક કરાવી હતી. વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી સાથેની મુલાકાતથી પ્રભાવિત થયા હતા. શાળા પરિવાર દ્વારા મુખ્યમંત્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી નિમિત્તે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી સંસ્થાનાં કૈલાશદીદી અને મોનાલીદીદી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. વિદ્યાર્થીઓ દ્વારા તેમનું તથા શાળાના આચાર્ય, શિક્ષકોનું પૂજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ પ્રસંગ આધારીત નાટક 'અંધેરી નગરી ચૌપટ રાજા'ની ભજવણી કરી હતી અને વિદ્યાર્થિનીઓએ ગણપતિ સ્તુતિ અને આધ્યાત્મિક ગીત પર ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. ધોરણ-૮ના વિદ્યાર્થી પાર્થ રાવલ, હાર્દિ પટેલ તથા શિક્ષક આશાબેને વક્તવ્ય આપ્યું હતું, જ્યારે આયુષી, સામિયા, દિવ્યા, આરાધના, માધવી, હની, હેપ્પી, પ્રિયા, પ્રિયાંશી અને જ્યોતિ દ્વારા ગુરુભક્તિ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધવી પટેલ દ્વારા શિક્ષક આશાબેન એન પટેલ અને નિમિષાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### વરિષ્ઠ પત્રકાર અને 'નિરીક્ષક' વિચારપત્રના તંત્રી

# પ્રકાશ ન. શાહનું અમદાવાદ ખાતે શનિવારે જાહેર અભિવાદન કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના જાહેર જીવનમાં અનન્ય સ્થાન ધરાવતા વરિષ્ઠ પત્રકાર અને વિચારપત્ર 'નિરીક્ષક'ના તંત્રી પ્રકાશ ન. શાહનું જાહેર અભિવાદન કરવા કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઉર્વિશ કોઠારીએ લીધેલી મુલાકાતોના આધારે તૈયાર થયેલા સાર્થક પ્રકાશનના પુસ્તક 'પ્રકાશ ન. શાહ'નું લોકાર્પણ કરવામાં આવશે. વિવિધ કાર્યક્ષેત્રો અને વયજૂથના નાગરિક સમાજના પ્રતિનિધિઓ મંચ પર એકત્ર થઈ પ્રકાશભાઈનું જાહેર અભિવાદન કરીને તેમને સન્માન અર્પણ કરશે અને અંતે પ્રકાશભાઈ પોતાનો પ્રતિભાવ રજૂ કરશે.

શનિવાર, તા. ૨૦મી જુલાઈના રોજ સાંજે ૫.૩૦ કલાકે હીરક મહોત્સવ ખંડ, ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ ખાતે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેમાં પધારવા સૌ સાહિત્યરસિકોને સાર્થક પ્રકાશન દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.